
# સ્મોક ફ્રી વિલેજ મોડયુલ

Faith FOUNDATION

## સ્મોક ફ્રી વિલેજ મોડયુલ




### FCTC ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ટોબેકો કંટ્રોલ (WHO FCTC)

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન WHO ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ટોબેકો કંટ્રોલ (WHO FCTC) એ વિશ્વ આરોગ્ય સંસ્થાના આશ્રય હેઠળ વાટાઘાટો કરાયેલ પ્રથમ સંધિ છે. WHO FCTC એ પુરાવા આધારીત સંધિ છે જે આરોગ્યના સર્વોચ્ચ ધોરણના તમામ લોકોના અધિકારની પુનઃપુષ્ટિ કરે છે. WHO FCTC ૧૬ જુનથી ૨૨ જૂન ૨૦૦3 ના રોજ જીનીવામાં અને ત્યારબાદ 30 જૂન ૨૦૦3 થી ૨૭ જૂન ૨૦૦૪ દરમિયાન સંયુકત રાષ્ટ્રના મુખ્ય મથક ન્યુઓર્ક ખાતે સંધિના ડિપોઝિટરી હસ્તાક્ષર માટે ખુલ્યુ હતું. સંધિ, જે હવે હસ્તાક્ષર માટે બંધ છે, તેમાં ૧૬૮ સહીઓ છે.

### MPOWER

WHO ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ટોબેકો કન્ટ્રોલ (WHO FCTC) અને તેની માર્ગદર્શિકા દેશો માટે તમાકુ નિયંત્રણના અમલીકરણ અને સંચાલન માટે પાયો પૂરો પાડે છે. આને વાસ્તવિક બનાવવામાં મદદ કરવા માટે WHO એ MPOWER પગલા રજુ કર્યા. આ પગલા નો હેતુ WHO FCTC મા સમાવિષ્ટ તમાકુની માંગ ઘટાડવા માટે અસરકારક હસ્તક્ષેપોના દેશ-સ્તરના અમલીકરણમાં મદદ કરવાનો છે.

## WHO FCTC MPOWER MODULE

**M**onitor
Monitor tobacco use and prevention policies

**P**rotect
Protect people from tobacco smoke

**O**ffer
Offer help to quit


**W**arn
Warn about the dangers tobacco

**E**nforce
Enforce bans on tobacco advertising, promotion and sponsorship

**R**aise
Raise taxes on tobacco


9879222826/9316179780/9825063310 | faithfoundationindia2010@gmail.com | www.faithfoundationindia.org

# સિગારેટ એન્ડ અધર ટોબેકો પ્રોડક્ટ એક્ટ (COTPA) ૨૦૦૩ અધિનિયમ ની મહત્વની કલમો વિશે માહિતી

| | |
|---|---|
| **કલમ : ૦૪ :** જાહેર જગ્યા પર ધૂમ્રપાન કરવા પર પ્રતિબંધ જાહેર સ્થળો કે એવી કોઇપણ જગ્યા<br>દા.ત. : ઓડિટોરીયમ, હોસ્પિટલ, બિલ્ડીગ, રેલ્વે પ્રતિક્ષાલય,<br>મનોરંજન કેન્દ્ર, જાહેર કચેરીઓ, અદાલતની ઇમારતો, શૈક્ષણિક સંસ્થાઓ, પુસ્તકાલયો,<br>કોફી હાઉસ, કેન્ટીન, કલબો, હોટલ, રેસ્ટોરન્ટ વગેરે |  |
| **કલમ: ૫ :** તમાકુ કે તમાકુની બનાવટોની સીધી કે આડકતરી જાહેરાત કરવા પર પ્રતિબંધ | |
| **કલમ ૬ (અ) :** ૧૮ વર્ષથી નીચેના બાળક પાસે કે બાળકને તમાકુનું વેચાણ કરવા પર પ્રતિબંધ |  |
| **કલમ ૬(બ) :** શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુ કે તમાકુની બનાવટોનું વેચાણ કરવા પર પ્રતિબંધ |  |
| **કલમ ૭,૮,૯ :** નિર્દિષ્ટ આરોગ્ય વિષયક ચેતવણી વિના સિગારેટ અને તમાકુની અન્ય બનાવટોનું વેચાણ કરવા પર પ્રતિબંધ |  |



## કલમ ૪ અને કલમ ૬ (અ) અને (બ) લાગુ કરવા માટે અધિકૃત વ્યક્તિઓ

| ક્રમ | કાર્યવાહી કરવા માટે અધિકૃત વ્યક્તિઓ | જાહેર સ્થળનું વર્ણન |
|---|---|---|
| ૧ | સેન્ટ્રલ એકસાઇઝ / ઇન્કમટેક્ષ / કસ્ટમ્સ / સેલ્સ/કર/આરોગ્ય/ પરિવહનના ઇન્સ્પેકટર અને ઉપર | તમામ જાહેર સ્થળો |
| ૨ | સ્ટેશન માસ્ટર / સહાયક સ્ટેશન માસ્ટર/સ્ટેશન હેડ / સ્ટેશન ચાર્જ | તેમના અધિકારક્ષેત્રમાં તમામ જાહેર સ્થળો |
| ૩ | રાજ્ય કેન્દ્રીત સરકારના બધાજ રાજપત્રિત અધિકારીઓ અથવા સ્વાયત સંસ્થાઓમાં સમકક્ષ ક્રમ અને ઉપર / પી.એસ.યુ | તેમના અધિકારક્ષેત્રમાં તમામ જાહેર સ્થળો |
| ૪ | નિયામક / તબીબી સુપ્રીટેન્ડન્ટ / હોસ્પીટલ સંચાલક | તેમના અધિકારક્ષેત્રમાં તમામ જાહેર સ્થળો |
| ૫ | પોસ્ટ માસ્ટર અને ઉપરના સંબધિત પોસ્ટ તેમના અધિકાર ક્ષેત્ર સંબધિત પોસ્ટ ઓફિસ | તેમના અધિકારક્ષેત્રમાં તમામ જાહેર સ્થળો |
| ૬ | સંસ્થાના વડા / એચ.આર.મેનેજર / વહીવટી વડા | હોસ્પિટલ ઇમારતો / આરોગ્ય સંસ્થા / દવાખાના |
| ૭ | કોલેજ / સ્કુલ / હેડમાસ્ટર પ્રિન્સીપાલ / શિક્ષક | કોર્ટ બિલ્ડીગ |
| ૮ | ગ્રંથપાલ / સહાયક ગ્રંથપાલ/પુસ્તકાલય ઇનચાર્જ અન્ય પુસ્તકાલયમાં વહીવટી સ્ટાફ | શૈક્ષણિક સંસ્થાઓ |
| ૯ | હવાઇમથક સંચાલક / ભારતના એરપોર્ટ ઓથોરીટીના અધિકારીઓ અને તમામ શેડયુલ એરલાઇન્સના અધિકારીઓ | જાહેર વાહનવ્યવહાર |
| ૧૦ | નિયામક જાહેર આરોગ્ય / નિયામક આરોગ્ય સેવાઓ | રેલ્વે |
| ૧૧ | સેન્ટ્રલ / રાજ્ય સરકારમામ વહીવટી સંચાલન | તમામ જાહેર સ્થળો |
| ૧૨ | નોડલ અધિકારીઓ / જીલ્લામાં અને રાજ્ય સ્તરે એન્ટી-ટોબેકો સેલના મુખ્ય અધિકારી | તમામ જાહેર સ્થળો |
| ૧૩ | પોલીસ અધિકારીઓ પોલીસના ઉપ - નિરીક્ષકની હદની નીચે નહી | તેમના અધિકારક્ષેત્રમાં તમામ જાહેર સ્થળો |
| ૧૪ | રાજ્યના ફૂડ અને ડ્રુ એડમિનિસ્ટ્રેશનના અધિકારીઓ પોલીસના ઉપ-નીરીક્ષકની રેંક નીચે નહી | તેમના અધિકારક્ષેત્રમાં તમામ જાહેર સ્થળો |
| ૧૫ | પંચાયતી રાજ સંસ્થાઓના પ્રતિનિધીઓ (સરપમચ / પંચાયત સચિવ) | તેમના અધિકારક્ષેત્રમાં તમામ જાહેર સ્થળો |
| ૧૬ | જીલ્લા પ્રોગ્રામ મેનેજર / ફાઇનાન્સ મેનેજર / જીલ્લા આરોગ્ય સમાજ (રાષ્ટ્રીય ગ્રામીણ મીશન) | તેમના અધિકારક્ષેત્રમાં તમામ જાહેર સ્થળો |
| ૧૭ | સિવિલ સર્જન / મુખ્ય તબીબી અધિકારી (સીએમઓ) જીલ્લા પ્રાથમિક હોસ્પિટલ / તબીબી અધિકારી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (પી.એચ.સી) | હોસ્પિટલ ઇમારતો / આરોગ્ય સંસ્થા / દવાખાના |
| ૧૮ | રજીસ્ટ્રાર / ડેપ્યુટી રજીસ્ટ્રાર / જાહેર પ્રોસીક્યુટર્સ / સરકારી સલાહકારો | કોર્ટ બિલ્ડીગ |
| ૧૯ | શાળાઓના નિરિક્ષક / જીલ્લા શિક્ષણ અધિકારી | શૈક્ષણિક સંસ્થાઓ |
| ૨૦ | ટ્રાફિક સુપીન્ટેડન્સ / આસીસ્ટન્ટ ટ્રાફિક સુપ્રીન્ટેડન્સ બસ સ્ટેશન ઓફિસર / ટિકિટ કંડકટર | જાહેર વાહનવ્યવહાર |
| ૨૧ | મુસાફરી ટિકિટ પરીક્ષક / મુખ્ય ટિકિટ નીરિક્ષકો ટિકિટ કલેકટર્સ / ટીકીટ કલેકટરથી નીચેના રેન્કના નહિ, રેલ્વે પ્રોટેકશન સ્ટાફફોર્સના સહાયક - ઉપ - નીરિક્ષકની સમકક્ષ | રેલ્વે |
| ૨૨ | શ્રમ વિભાગના સહાયક કમિશ્નર | |
| ૨૩ | મ્યુનિસીપલ આરોગ્ય અધિકારીઓ | |
| ૨૪ | બ્લોક ડેવલોપમેન્ટ ઓફિસર, બ્લોક એક્ષટેન્શન એજ્યુકેટર (બીઇઇ) | |
| ૨૫ | રાજ્ય સરકારમાં આરોગ્ય વિભાગ અને શિક્ષણ વિભાગના ડિરેકટર અથવા સંયુક્ત ડિરેકટર વિભાગ | |

ફક્ત કલમ ૬ (અ) અને (બ) લાગુ કરવા માટે અધિકૃત વ્યક્તિઓ

કલમ ૪ અને કલમ ૬ (અ) અને (બ) લાગુ કરવા માટે અધિકૃત વ્યક્તિઓ

# સ્મોક ફ્રી વિલેજના માપદંડો

| ક્રમ | માપદંડ | સાઇનેજ |
| --- | --- | --- |
| ૧ | "ધુમ્રપાન પ્રતિબંધિત વિસ્તાર" અથવા "ધુમ્રપાન કે તમાકુનું સેવન કરવું નહિ" તેવી ચેતવણી આપતા ૬૦ X ૩૦ સે.મી. કદના સાઇનબોર્ડસ મુખ્ય જાહેર સ્થળોએ પ્રદર્શિત થતા હોવા જોઇએ.<br>*જાહેર સ્થળ COTPA ૨૦૦૩ કલમ ૪ પ્રમાણે. |  |
| ૨ | પુરુષો, સ્ત્રીઓ, યુવાનો, વૃદ્ધો અને અન્ય સભ્યો તથા ગામના મુલાકાતીઓએ ગામના જાહેર સ્થળ પર ધુમ્રપાન કે તમાકુનું સેવન કરવા પર પ્રતિબંધ |  |
| 3 | ગામ પરિષદ / ગામ સભામાં COTPA ૨૦૦૩ પ્રમાણે "સ્મોક ફ્રી વિલેજ" જાહેર કરી તેનો ઠરાવ પસાર કરવો.<br>(ઠરાવ નો નમુનો પાછળ આપેલ છે.) |  |
| ૪ | COTPA ૨૦૦૩ ની એક નકલ ગામ પંચાયતની ઓફિસમાં રાખવી જે તમામ ગ્રામજનો માટે કોઇપણ સમયે ઉપલબ્ધ રહે. |  |
| ૫ | ગામમાં તમાકુ નિયંત્રણ સમિતિની સ્થાપના કરવી આવશ્યક છે.<br>જેની અધ્યક્ષતા ગામ પરિષદના વડાની રહેશે અને તેમાં ગામ પરિષદના ૨ સભ્યો, એક શિક્ષક, ઓછામાં ઓછા ૨ માતા - પિતા પ્રતિનિધીઓ, ગ્રામ પંચાયત સમિતિના સભ્ય અને સ્થાનિક પોલીસનો સમાવેશ થવો જોઇએ. સમિતિએ ગામની તમાકુ નિયંત્રણના કાયદાના અમલીકરણ અંગેની તપાસ કરવી જોઇએ. અને બ્લોકકક્ષાના વહીવટને ત્રિમાસીક મળવું જાઇએ તથા રિપોર્ટ કરવો જોઇએ. |  |
| ૬ | ગામમાં COTPA ૨૦૦૩ ની કલમ ૪,૫,૬-એ અને ૬-બી નું પાલન કરવું<br>કલમ - ૪ જાહેર સ્થળે ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ<br>કલમ -૫ સિગારેટ અને તમાકુની અન્ય બનાવટોની જાહેરાત આપવા પર પ્રતિબંધ<br>કલમ -૬ એ. મુજબ ૧૮ વર્ષથી નીચેનાને તમાકુ વેચવા કે ખરીદવા પર પ્રતિબંધ<br>કલમ-૬ બી. મુજબ શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુની બનાવટોના વેચાણ પર પ્રતિબંધ |  |
| ૭ | સ્વ-સહાય જૂથો, યુવા મંડળો (જુથો), એનજીઓ, શાળાઓ, મહિલા જૂથો, સ્થાનિક સમિતિઓ, અને શાળા સંચાલન સમિતિના પરિસર તમાકુ મુક્ત જાહેર કરવા અને ગામમાં ૬ મહિને એકવાર તમાકુ થી થતા હાનિકારક અસરો પર વિવિધ જન જાગૃતિ કાયક્રમ કરવા. |  |
| ૮ | ગામના દરેક કાર્ય સ્થળ (Tobacco free workplace)અને શાળાઓને તમાકુ મુક્ત (TOFEI) જાહેર કરવી. |  |
| ૯ | ગામના અગ્રણી / મુખ્ય સ્થાનો પર તમાકુ ના હાનિકારક અસરો પર પોસ્ટરો પ્રદર્શિત કરવા. |  |
| ૧૦ | બસ ડેપો અને ગામના પર્યટન સ્થળ તમાકુ મુક્ત કરવા. |  |

## ક્રમ નં.(૩) નો નમૂનો

# ગ્રામ પંચાયતમાં પસાર કરવામાં આવતા ઠરાવનો નમૂનો

તમાકુના સેવનના કારણે વિશ્વમાં ૫૪ લાખ લોકો અને ભારતમાં દર વર્ષે ૧૩.૫ લાખ લોકો મૃત્યુ પામે છે. આ મૃત્યુદર એ એચ.આઇ.વી., ટી.બી. અને મલેરીયાથી થતા મૃત્યુ કરતા પણ વધારે છે. ઓરલ કેન્સરનું પ્રમાણ ભારતમાં સૌથી વધારે છે. જેના માટેનું મુખ્ય કારણ તમાકુ નું સેવન છે. કેન્સરને રોકવા માટે તમાકુનું સેવન લોકો ના કરે તે ખૂબ જ જરૂરી છે.

આજરોજ તાઃ .................... સમય ................ મળેલ ગ્રામસભામાં સર્વેના અનુમતે ........... ગામ ................ તાલુકો ............ જીલ્લામાં ઠરાવ કરવામાં આવે છે કે "સ્મોક ફ્રિ વિલેજ" ની ગાઇડલાઇનનું અનુસરણ કરવામાં આવશે તથા તમાકુના સેવનથી થતી આડઅસરોનું પ્રમાણ ઘટાડવા અને આવનારી પેઢીને તમાકુથી દુર રાખવા માટે આ ગામમાં COTPA (સિગારેટ એન્ડ અધર ટોબેકો પ્રોડક્ટ એક્ટ) ૨૦૦૩ અધિનિયમની કલમ ૪,૫,૬ (અ અને બ) નું કડક અમલીકરણ કરવામાં આવશે.

કલમઃ ૪ મુજબ જાહેર જગ્યા પર ધૂમ્રપાન કરવા પર પ્રતિબંધ

કલમઃ ૫ મુજબ  તમાકુ કે તમાકુની બનાવટોની સીધી કે આડકતરી જાહેરાત કરવા પર પ્રતિબંધ

કલમઃ ૬ (અ) મુજબ ૧૮ વર્ષથી નીચેના બાળક પાસે કે બાળકને તમાકુનું વેચાણ કરવા પર પ્રતિબંધ

કલમઃ ૬(બ) મુજબ શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુ કે તમાકુની બનાવટોનું વેચાણ કરવા પર પ્રતિબંધ

આ જાહેરનામા દ્વારા અમારી ગ્રામ પંચાયતને "સ્મોક ફ્રી ગ્રામ પંચાયત" જાહેર કરવામાં આવે.

ગ્રામજનોના હિત અંગે ગ્રામજનોએ ધ્યાનમાં લેવાની બાબત : ગામની શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુ વેચવા પર પ્રતિબંધ અને ગામના જાહેર સ્થળો (જેવા કે શૈક્ષણિક સંસ્થા, મંદિર, બગીચા, બસસ્ટેશન, સરકારી કચેરી) પર ધુમ્રપાન કરવા પ્રતિબંધ.

---


faith FOUNDATION
" We Walk By Faith Not By Sight"

CONTACT DETAILS
Email : faithfoundationindia2010@gmail.com
Website : www.faithfoundationindia.org
Mob : 98792 22826 | 98250 63310
faithfoundation2010  @FaithFoundation15